૪૦૦થી વધુ દરખાસ્તમાં લાંચિયા કલેક્ટરે ખેલ પાડ્યો

ડો.રાજેન્દ્ર પટેલે 10 કરોડની લાંચ લીધી

કલેક્ટર લાંચની 50 ટકા રકમ પોતાની પાસે જ રાખતા હતા

લાંચની આવક-જાવકની હિસાબ શીટ પણ મળી

ગાંધીનગરઃ સુરેન્દ્રનગરમાં 1500 કરોડના જમીન એનએ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ દ્વારા સઘન તપાસ દરમ્યાન ચોંકાવનારા ખુલાસા કરાયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના તત્કાલીન કલેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલને રિમાન્ડ પર મેળવતી વખતે ઈડીના તપાસનીશ અધિકારી દ્વારા કરાયેલી રિમાન્ડ અરજીમાં બહાર આવેલી વિગતો મુજબ, કલેક્ટરના પીએ તથા નાયબ મામલતદાર મોરીએ ઘટસ્ફોટ કર્યો છે કે લાંચની 50 ટકા રકમ કલેક્ટર પોતે જ રાખતા હતા. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર આર કે ઓઝાને 25 ટકા રકમ લાંચની વહેંચવામાં આવતી હતી. 10 રકમ મામલતદાર મયૂર દવેને, 10 ટકા ચંન્દ્રસિંહ મોરીને અને 5 ટકા કલાર્ક મયૂરસિંહ ગોહિલને મળતી હતી. ઈડીની તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ અંદાજિત 800 જેટલી ફાઈલોમાં સ્પીડ મની તરીકે કલેક્ટર ડૉ રાજેન્દ્ર પટેલ દ્વારા 10 કરોડ કરતાં વધુ રકમની લાંચ લેવામાં આવી છે. આગામી 7મી જાન્યુઆરી સુધી કલેક્ટર ડૉ રાજેન્દ્રકુમાર પટેલ ઈડીની કસ્ટડીમાં રિમાન્ડ પર છે.

ઈડીના સૂત્રોએ કહ્યું હતું કે કલેક્ટરના પીએસ જયરાજસિંહ ઝાલા દ્વારા સમગ્ર જમીન એનએ કૌભાંડનો હિસાબ રાખવામાં આવતો હતો. ઝાલાએ પણ કબૂલાત કરી લીધી છે કે લાંચની 50 ટકા રકમ કલેક્ટર દ્વારા પોતે રાખી લેવામાં આવતી હતી. 800 એનએ ફાઈલોમાં લાંચની મોટી રકમ લેવામાં આવી છે, જેમાં 50 ટકા રકમ કલેક્ટરે પોતે જ લીધી છે. લાંચની રકમ રોકડમાં સ્પીડ મની તરીકે લાવમાં આવતી હતી. પીએ જયરાજસિંહ ઝાલા લાંચની આવક-જાવકની 'હિસાબ શીટ' કલેક્ટર સાથે શેર કરતો હોવાનું પણ નિવેદનમાં ઉલ્લેખિત છે. એક ચેતન નામની વ્યક્તિએ 65 લાખની લાંચ આપી હોવાનું ઈડીને નિવેદન પણ આપ્યું છે.

ચંદ્રસિંહ મોરીના નિવાસ સ્થાનેથી લાંચનો હિસાબ મળ્યો

કરોડો રૂપિયાની લાંચની લેતીદેતીમાં ચંન્દ્રસિંહ મોરીના નિવાસ્થાનેથી એક શીટ મળી છે, જેમાં લાંચની રકમના હિસાબો મળી આવ્યા છે. ઈડીની ટીમ દ્વારા તપાસમાં ડિજિટલ રેકોર્ડ, ચિઠ્ઠીઓ અને અન્ય દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. આ જ કેસમાં અગાઉ 23 ડિસેમ્બરે ઈડીની ટીમે ચંન્દ્રસિંહ મોરીના ઘરેથી 67.50 લાખની રોકડ જપ્ત કરી તેમની ધરપકડ કરી હતી.

ગાંધીનગરમાં ટાઈફોઈડનો રોગચાળો, 154 કેસ નોંધાયા

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે તંત્રનો ઉઘડો લીધો

ડે સીએમ હર્ષ સંઘવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દોડી ગયા

ગાંધીનગરઃ ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી બાળકોમાં ટાઈફોઈડના કેસો વધી ગયા છે. બાળકોના 104 કેસ નોંધાયા છે. જ્યારે પુખ્ત વયના દર્દીઓના 50 કેસ નોંધાયેલા છે. ગાંધીનગરમાં સમગ્ર રોગચાળાની જાણ થતાં સાથે કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહે આજે ડે સીએમ હર્ષ સંઘવી તથા ગાંધીનગર જિલ્લા કલેક્ટર સાથે ફોન પર વાત કરીને ત્વરીત પગલાં લઈને રોગચાળો કાબૂમાં તાકિદ કરી હતી. જેના પગલે આજે બપોરે ડે સીએમ હર્ષ સંઘવી ત્વરીત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા એટલું જ નહીં ગાંધીનગર જિલ્લા કલેક્ટર મેહુલ દવે, મનાપના કમિશનર જે એન વેઘાલ તથા ગાંધીનગર સિવિલના સીનીયર તબીબો સાથે બેઠક યોજી હતી.

ગાંધીનગરમાં ટાઈફોઈડ કેસોને પગલે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર સાથે આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બેઠક યોજી સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓને મળી દર્દીઓના ખબર-અંતર પૂછ્યા હતા. દર્દીઓને શ્રેષ્ઠ સારવાર માટે ૨૨ નિષ્ણાત તબીબોની ટીમ બનાવવામાં આવી છે અને નાયબ કલેકટર કક્ષાના અધિકારીને વિશેષ જવાબદારી સોંપાઈ છે.

નાયબ મુખ્યમંત્રીએ પોતાના કાર્યાલય ખાતે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મીરાબેન પટેલ, જિલ્લા કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજી હતી. આ બેઠકમાં ટાઈફોઈડના ફેલાવાને રોકવા માટે લેવાયેલા પગલાં અને સારવારની સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તેમણે દર્દીઓને બેસ્ટ ટ્રીટમેન્ટ ઉપલબ્ધ કરાવવા અધિકારીઓને સૂચના આપી હતી. હર્ષ સંઘવીએ હોસ્પિટલના સત્તાધીશોને આદેશ આપ્યા હતા કે, દરેક દર્દીને ઉત્તમ અને સમયસર સારવાર મળી રહે. દર્દીના પરિવારજનોને ભોજન સહિતની કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તેની તકેદારી રાખવા અને તે મુજબની વ્યવસ્થા ગોઠવવા આદેશ કર્યો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સતત સમગ્ર સ્થિતિનો રિવ્યૂ લઈ રહ્યા છે. દર્દીઓ જલ્દીથી સ્વસ્થ થઈ જાય તે માટે બેસ્ટ ટ્રીટમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં, દર્દીના પરિવારજનોને ભોજન સહિતની તમામ પાયાની સુવિધાઓ પૂરી પાડવા વહીવટી તંત્રને કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે. દર્દીઓની સારવાર માટે ૨૨ તબીબોની ટીમ બનાવવામાં આવી છે અને નાયબ કલેકટર કક્ષાના અધિકારીને આ વ્યવસ્થાઓ પર નિરીક્ષણ માટે વિશેષ જવાબદારી આપવામાં આવી છે.

પત્નીના અનૈતિક સંબંધોથી વ્યથિત યુપીવાસી યુવકે ફાંસો ખાઈ લીધો

સુરતઃ સચિન જીઆઈડીસીમાં પત્નીના અનૈતિક સંબંધ અંગે જાણ થઈ જતા યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મૂળ ઉત્તરપ્રદેશ પ્રતાપગઢના વતની ઈન્દ્રજીત ધર્મરાજ વર્મા (25 વર્ષ) સચિન જીઆઈડીસી મહાદેવ મંદિરની પાછળ રૂમ નંબર-3માં પત્ની તેમજ એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. શુક્રવારે રાત્રે 8 વાગ્યાના અરસામાં ઈન્દ્રજીતે રૂમમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

ઈન્દ્રજીતના સંબંધી રાજેન્દ્રએ જણાવ્યું હતું કે, દસેક દિવસ પહેલા ઈન્દ્રજીતની પત્નીના અનૈતિક સંબંધ અંગે તેને જાણ થઈ ગઈ હતી. જેથી તેણે પત્ની સાથે ઝગડો કર્યો હતો. ત્યારબાદ તેની પત્ની વતન ચાલી ગઈ હતી. જે વાતનું માઠું લગાવી ઈન્દ્રજીતે આપઘાત કર્યો હોવાની શક્યતા છે.

રાજ્યમાં શીતલહેરનો સપાટો : નલિયા 7 ડિગ્રીએ થથરી ઊઠ્યું

ગાંધીનગરઃ રાજ્યમાં સતત ઠંડીનો ચમકારો અચાનક વધી ગયો છે. નવા વર્ષ 2026ના આરંભે ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. કચ્છના નલિયામાં ગઈકાલે 10.8 ડિગ્રી ઠંડી હતી, જે આજે અચાનક 7 ડિગ્રીએ પહોંચી ગઈ હતી. જેના પગલે નલિયાવાસીઓ ધ્રુજી ઉઠ્યા હતા. હજુયે આગામી ત્રણેક દિવસો ઠંડીનો ચમકારો યથાવત રહશે, એવું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. રાજ્યના વિવિધ ભાગોમાં રાત્રીના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે માવઠાની ચેતવણી હવે હવામાન વિભાગે હટાવી લીધી છે. ઉત્તર - પૂર્વીય - પૂર્વીય પવનના કારણે ઠંડી યથાવત રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતરી ગયો હતો. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે આજે કંડલા પોર્ટ પર 13 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 9 ડિ.સે., ભાવનગરમાં 14 ડિ.સે., રાજકોટમાં 9 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 11 ડિ.સે., મહુવામાં 13 ડિ.સે., કેશોદમાં 13 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે. અને સુરતમાં 16 ડિ.સે. જ્યારે દમણમાં 17 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

ઈરાનનાં લોકોના રોષનો લાભ લઈને અમેરિકા તખતાપલટ કરાવવા માગે છે

ઈરાનમાં વધતી જતી મોંઘવારી અને દેશની બગડતી આર્થિક સ્થિતિને લઈને સરકાર વિરુદ્ધ લગભગ એક અઠવાડિયાથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યાં છે. છેલ્લાં ત્રણ વર્ષમાં દેશમાં થયેલાં આ સૌથી મોટાં વિરોધ પ્રદર્શનો છે. ઈરાનનાં વિવિધ શહેરોમાં થયેલાં પ્રદર્શનોમાં ઓછામાં ઓછાં સાત લોકોનાં મોત થયાં છે. રવિવારે રાજધાની તેહરાનમાં અમેરિકન ડોલર સામે ઈરાની ચલણ રિયાલના મૂલ્યમાં તીવ્ર ઘટાડાથી ગુસ્સે ભરાયેલા દુકાનદારો દ્વારા વિરોધ પ્રદર્શનો શરૂ થયાં હતાં. આ પછી યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ પણ વિરોધમાં જોડાયાં અને વિરોધ ઘણાં શહેરોમાં ફેલાઈ ગયો હતો. સોશ્યલ મીડિયા પર વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણના ઘણા વીડિયો સામે આવ્યા હતા, જે દરમિયાન અનેક વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી.

ઈરાનમાં ઘણા વિરોધીઓએ દેશના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખોમૈનીના શાસનનો અંત લાવવાની માંગણી કરી છે. કેટલાકે તો રાજાશાહી પાછી લાવવાની પણ હાકલ કરી છે. કેટલાંક વિરોધીઓ ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિમાં સત્તા પરથી ઉથલાવી દેવામાં આવેલા સ્વર્ગસ્થ શાહ મોહમ્મદ રેઝા પહલવીના પુત્ર રેઝા પહલવીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતાં પણ સાંભળવામાં આવ્યા હતા. દરમિયાન, અમેરિકામાં નિર્વાસિત જીવન જીવી રહેલા રેઝા પહલવીએ ઈરાનમાં વિરોધીઓને પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને કહ્યું છે કે તેઓ વિરોધીઓની કાયદેસરની માંગણીઓ સાંભળશે. જ્યારે દેશના પ્રોસીક્યુટર-જનરલ મોહમ્મદ મોવાહેદી-આઝાદે ચેતવણી આપી હતી કે અસ્થિરતા ઊભી કરવાના કોઈ પણ પ્રયાસનો નિર્ણાયક જવાબ આપવામાં આવશે. દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની સરકારને ચેતવણી આપી છે. તેમણે ટ્રુથ સોશ્યલ પરની એક પોસ્ટમાં ઈરાનમાં વિરોધ કરી રહેલાં લોકોને સમર્થન આપવાનું વચન પણ આપ્યું છે. ઈરાને કહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પને ખબર હોવી જોઈએ કે ઇરાનની આંતરિક બાબતોમાં અમેરિકાનો હસ્તક્ષેપ સમગ્ર ક્ષેત્રમાં અસ્થિરતા ફેલાવશે.

છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી ઈરાની ચલણ રિયાલના મૂલ્યમાં તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. રવિવારે જ્યારે વિરોધ પ્રદર્શનો શરૂ થયાં ત્યારે એક અમેરિકન ડોલરની કિંમત આશરે ૧૪.૨ લાખ રિયાલ હતી, જે એક વર્ષ પહેલાં આશરે ૮.૨૦ લાખ હતી. દાયકાઓથી પશ્ચિમી પ્રતિબંધો હેઠળ ઝઝૂમી રહેલી ઈરાનની અર્થવ્યવસ્થા સપ્ટેમ્બરના અંતથી વધુ દબાણ હેઠળ આવી ગઈ છે, જ્યારે સંયુક્ત રાષ્ટ્રે દેશના પરમાણુ કાર્યક્રમ સંબંધિત આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો ફરીથી લાદ્યા હતા, જે ૧૦ વર્ષ પહેલાં હટાવી લેવામાં આવ્યા હતા. રવિવારે તેહરાનના ગ્રાન્ડ બજારમાં ઈરાની રિયાલ અમેરિકન ડોલર સામે રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યા બાદ દુકાનદારોએ હડતાળ પાડી હતી. કરજ, હમેદાન, કેશ્મ, મલાર્ડ, ઇસ્ફહાન, કરમાનશાહ, શિરાઝ અને યઝદ જેવાં શહેરોમાં પણ વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યાં હતાં. કેટલાક વિસ્તારોમાં પોલીસ વિરોધીઓને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કરતી જોવા મળી હતી. ઈરાનની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ફુગાવો લગભગ ૫૦ ટકા સુધી પહોંચી ગયો છે અને ચલણ સતત નબળું પડી રહ્યું છે. પરંતુ આ સમસ્યાઓ ફક્ત ઈરાનના પડકારો નથી. દેશ ઊર્જા-સંકટનો પણ સામનો કરી રહ્યો છે. પાણીની તીવ્ર અછત વચ્ચે તેહરાન અને અન્ય ઘણાં મોટાં શહેરોને પાણી પૂરું પાડતાં મોટા ભાગના ડેમ લગભગ ખાલી થઈ ગયા છે. ઈરાન પણ વિશ્વના સૌથી કડક ઈન્ટરનેટ નિયંત્રણો ધરાવતા દેશોમાં સામેલ છે.

ઈરાનના રાજ્ય મીડિયાએ, વિરોધ પ્રદર્શનોના અહેવાલમાં, ભારપૂર્વક જણાવ્યું છે કે તે મુખ્યત્વે રિયાલના અનિયંત્રિત પતનને કારણે છે, નહીં કે ૧૯૭૯ની ક્રાંતિ પછી દેશમાં શાસન કરતી ધાર્મિક શાસક પ્રણાલી પ્રત્યે વ્યાપક અસંતોષને કારણે. ઈરાનમાં છેલ્લે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો ૨૦૨૩ માં થયાં હતાં. ૨૨ વર્ષીય મહસા અમીનીના પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પછી આ વિરોધ પ્રદર્શનો શરૂ થયાં હતાં, જ્યારે તેના પર હિજાબ અંગેના કડક ઇસ્લામિક કાયદાઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ પ્રદર્શનો દરમિયાન સેંકડો લોકો મૃત્યુ પામ્યાં હતાં, ૨૦ હજારથી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી અને ઘણાને ફાંસી આપવામાં આવી હતી.

સોમવારે મોડી રાત્રે રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને એક સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે તેમણે ગૃહમંત્રીને સમસ્યાઓનો ઉકેલ લાવવા અને જવાબદારીપૂર્વક કાર્ય કરવા માટે પગલાં લેવા માટે વિરોધીઓના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવાની સૂચના આપી છે. તેમણે ઈરાનના સેન્ટ્રલ બેંકના ગવર્નર મોહમ્મદ રેઝા ફરાઝીનનું રાજીનામું પણ સ્વીકાર્યું અને તેમના સ્થાને ભૂતપૂર્વ અર્થતંત્ર અને નાણાં મંત્રી અબ્દુલનાસર હેમ્માતીની નિમણૂક કરી હતી. ઈરાની સરકારે કહ્યું છે કે તે લોકોની વાત ધીરજથી સાંભળશે, ભલે તેને વિરોધનો સામનો કરવો પડે.

ઈરાનમાંથી અસંખ્ય વીડિયો સામે આવી રહ્યા છે, જેમાં વિરોધીઓ ઇસ્લામ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. તેઓ કહે છે કે જ્યાં સુધી મુલ્લાઓનો પર્દાફાશ નહીં થાય ત્યાં સુધી આ માતૃભૂમિ આઝાદ નહીં થાય. ઈરાનમાં વિરોધીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા કે મુલ્લાઓએ ઈરાન છોડી દેવું જોઈએ. ઈરાનમાં થયેલી હિંસાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં લોકો બેશરમ, બેશરમના નારા લગાવી રહ્યા છે. તેહરાનથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર લોરેસ્તાન પ્રાંતના શહેર અજનામાં હિંસા ફાટી નીકળી હતી. ત્યાંથી આવેલા વીડિયોમાં ગોળીબારનો અવાજ જોવા મળ્યો હતો. ઈરાનમાં વધતી જતી મોંઘવારી સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે અને પરિસ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. સરકાર આ વિરોધ પ્રદર્શનોને કાબૂમાં લેવા માટે ધરપકડો કરી રહી છે.

ઈરાનના જનરલ ઝેડ ધીમે ધીમે વિરોધ પ્રદર્શનોમાં જોડાયું છે અને હવે ઘણી ઈરાની યુનિવર્સિટીઓમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યું છે. આ વિરોધ પ્રદર્શનો હવે તેહરાન પૂરતાં મર્યાદિત નથી રહ્યાં. તે શિરાઝ, હમેદાન અને ઇસ્ફહાન જેવાં અન્ય ઈરાની શહેરોમાં પણ ફેલાઈ ગયાં છે. અનેક સ્થળોએ વિરોધીઓ અને પોલીસ દળો વચ્ચે અથડામણ થઈ અને પોલીસે હળવો બળપ્રયોગ પણ કર્યો છે. બળપ્રયોગથી વિરોધીઓનો ગુસ્સો વધુ ભડક્યો છે. પોલીસ અને વિરોધીઓ વચ્ચે હિંસક અથડામણો થઈ છે, જેમાં સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ પાંચ લોકો માર્યા ગયાં છે.

મોંઘવારી અને બેરોજગારીને લઈને ઈરાનમાં ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનો પર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પ્રતિક્રિયા આપી છે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા સાઇટ ટ્રુથ સોશ્યલ પર લખ્યું કે જો ઈરાન શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને ગોળી મારી દેશે તો અમેરિકા તેમની મદદ માટે આવશે. અમે તૈયાર છીએ. સરળ શબ્દોમાં કહીએ તો, ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતાને સીધો પડકાર ફેંક્યો છે. ઈરાનના વિરોધ પર અમેરિકન રાષ્ટ્રપતિના નિવેદન બાદ ચીન અને રશિયા જેવા દેશો ઈરાનની વર્તમાન પરિસ્થિતિ પર કેવી પ્રતિક્રિયા આપશે તે જોવાનું બાકી છે. આ લેખ લખતી વખતે ભારતે હજુ સુધી ઈરાનની વર્તમાન પરિસ્થિતિ પર કોઈ ટિપ્પણી કરી નથી.

૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિ બાદ ઈરાનમાં આયાતુલ્લાહ રુહોલ્લાહ ખોમેની સત્તા પર આવ્યા હતા. તેમણે ૧૯૭૯ થી ૧૯૮૯ સુધી ૧૦ વર્ષ સુધી સર્વોચ્ચ નેતા તરીકે સેવા આપી હતી. તેમના અનુગામી સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખોમેની ૧૯૮૯ થી ૩૭ વર્ષ સુધી સત્તામાં રહ્યા છે. ઈરાન આજે આર્થિક કટોકટી, ઊંચો ફુગાવો, આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો, બેરોજગારી, ચલણનું અવમૂલ્યન અને વારંવાર થતાં જન આંદોલનો જેવા ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. ઇરાનમાં જે કાંઈ ચાલી રહ્યું છે, તેની પાછળ અમેરિકાનો દોરીસંચાર હોવાનું જણાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

ડોનાલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા સાઇટ ટ્રુથ સોશ્યલ પર લખ્યું કે જો ઈરાન શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને ગોળી મારી દેશે તો અમેરિકા તેમની મદદ માટે આવશે

BUSINESS મિત્ર

ચીન-તાઈવાન વિવાદ અને યુએસના સંકેતો આગામી ચાલ નક્કી કરશે

નવું વર્ષ, નવો રેકોર્ડઃ નિફ્ટી @26,328; રોકાણકારોમાં ભારે ઉત્સાહ

રૂપિયા નબળો પડ્યો પણ શેરબજાર મજબૂત; PSU બેન્ક અને મેટલ શેરોમાં ૫% સુધીનો ઉછાળો

સતત બીજા સપ્તાહે શેરબજારમાં તેજી રહીઃ બેન્ક નિફ્ટીએ 60000 પોઇન્ટની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 3: ભારતીય શેરબજાર 2026ના પ્રથમ સપ્તાહમાં ઐતિહાસિક ઉછાળા સાથે બંધ રહ્યો હતો. નિફ્ટીએ 2જી જાન્યુઆરીના સત્ર દરમિયાન 26340ની નવી ઓલ-ટાઇમ ઇન્ટ્રા-ડે હાઇ બનાવી. ભૌગોલિક રાજકીય તણાવને અવગણીને અને એફઆઇઆઇ દ્વારા વેચાણ ચાલુ રાખીને, મજબૂત ઓટો વેચાણ ડેટા અને વધુ સારી કમાણીના દૃષ્ટિકોણ પર ઉછાળાને કારણે બજાર સતત બીજા અઠવાડિયા માટે વધતું રહ્યું હતું.

બીજા સપ્તાહથી કોર્પોરેટ કમાણીની શરૂઆત થઇ જશે અને તેની અસર ભારતીય શેરબજારમાં જોવા મળશે. હાલમાં વૈશ્વિક સંકેતોની અસર જોવાશે. ખાસ કરીને ચીન-તાઇવાન તણાવની સાથે વેનેઝુએલા અને યુએસ વચ્ચે વિવાદ, ઇરાનનો તણાવ વગેરે કારણોની અસર શેરબજાર ઉપર પડી શકે છે. જોકે, વિતેલા સપ્તાહમાં નિફ્ટીએ નવી ઐતિહાસિક સપાટી કુદાવી દીધી હોવાથી આગામી દિવસોમાં તેજી આગળ વધી શકે છે અને સેન્સેક્સ પણ નવી ઐતિહાસિક સપાટી બનાવી શકે છે.

બીએસઇ સેન્સેક્સ ઇન્ડેક્સ 720.56 અંક એટલે કે 0.84 ટકા વધીને 85,762.01 અને નિફ્ટી ઇન્ડેક્સ 286.25 અંક એટલે કે 1.09 ટકા વધીને 26328.55 પર બંધ રહ્યો છે. વિતેલા સપ્તાહમાં લાર્જકેપ ઇન્ડેક્સ 1.3 ટકા વધ્યો હતો, જેમાં આઇડીબીઆઇ બેન્ક, બોશ, આઇઓબી, જિંદાલ સ્ટીલ, એનટીપીસી, ટાટા સ્ટીલમાં ઉછાળો જોવાયો હતો. જ્યારે આઇટીસી, વારી એનર્જીસ, ઇન્ડિયન રેલવે ફાઇનાન્સ કોર્પોરેશન, બર્જર પેઇન્ટ્સ ઇન્ડિયા, યુનાઇટેડ સ્પિરિટ્સના શેરમાં 3-13 ટકાનો ઘટાડો થયો હતો.

બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સમાં એક ટકા જેટલો સુધારો જોવાયો હતો. જેમાં સિલ્વર ટચ ટેક્નો, ઓરિએન્ટ ટેક્નોલોજીસ, શાલીમાર પેઇન્ટસ, વેરાન્ડા લર્નિંગ સોલ્યુશન્સ, નઝારા ટેકનો, એન્ટેરો હેલ્થકેર સોલ્યુશન્સ, સ્ટેલિયન ઇન્ડિયા ફલોરો કેમિકલ્સ, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ ઇન્ડિયા, કેપીઆઇ ગ્રીન એનર્જી, આઇઆઇએફએલ કેપિટલ, ઇન્ફોબિન્સ ટેક્નોલોજીસ, ઇન્ડો ફાર્મ ઇક્વિપમેન્ટ, યુનાઇટેડ ફૂડબ્રાન્ડ્સ વધ્યો હતો. બીજી તરફ ગોડફ્રે ફિલિપ્સ ઇન્ડિયા , ઇન્ડો થાઇ સિક્યોરિટીઝ, રાજેશ એક્સપોર્ટ્સ, પ્રિવી સ્પેશિયાલિટી કેમિકલ્સ, કોઠારી ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન, ટુરિઝમ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, વિષ્ણુ પ્રકાશ આર પુંગલિયાકામદેવ, ભગીરથ કેમિકલ્સ એન્ડ ઇન્ડ. વોર્ડવિઝાર્ડ ઇનોવેશન એન્ડ મોબિલિટી અને ડેક્કન ગોલ્ડ માઇન્સ 10થી 20 ટકા ઘટ્યા હતા.

બીએસઈના મિડકેપ ઈન્ડેક્સમાં 1.7 ટકાનો ઉછાળો નોંધાયો છે, જ્યારે ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, એસજેવીએન, સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગુજરાત ગેસ, ઈન્ડિયન બેન્કના શેરમાં 10 ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. જો કે, પીબી ફિનટેક, આરવીએનએલ, કેપીઆઈટી ટેકનો, પ્રીમિયર એનર્જી, કોરોમાંડલ ઈન્ટરનેશનલ અને દિપક નાઈટ્રાઈટસના શેરમાં 3થી 6 ટકાનો ઘટાડો નોંધાયો છે.

વિતેલા સપ્તાહમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં માર્કેટ વેલ્યુની દ્રષ્ટિએ સૌથી વધુ વધારો નોંધાયો હતો, ત્યારબાદ એસબીઆઈ, એનટીપીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા આવે છે. બીજી તરફ આઈટીસી, ટીસીએસ, ઈન્ફોસિસને તેમના માર્કેટકેપમાં સૌથી વધુ નુકસાન થયું હતું

વિદેશી સંસ્થાકીય રોકાણકારો 2026 વર્ષના પ્રથમ સપ્તાહમાં ભારતીય ઈક્વિટી માર્કેટમાં 13180.09 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. બીજી તરફ, ડીઆઈઆઈએ તેમનો ટેકો ચાલુ રાખ્યો હતો અને 17766.57 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. સેકટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો નિફ્ટી મેટલ અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સમાં 5 ટકાનો વધારો થયો છે , જ્યારે નિફ્ટી ઓટો, મીડિયા, એનર્જી, ઓઈલ અને ગેસમાં 3 ટકાનો વધારો થયો છે. જોકે, નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં 3.7 ટકા અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં 0.6 ટકાનો ઘટાડો નોંધાયો છે.

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગ